Extra No. 331

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, SEPTEMBER 12, 2025 / BHADRA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:-

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની એસ.ઓ.પી

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં:ડીસી/પી.ઓ.એલ/પરીક્ષા/જાહેરનામુ/વશી/૭૪૦/૨૦૨૫.-આમુખ (૧) ના પત્રની વિગતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસૂલી તલાટી વર્ગ-૩ની સીધી ભરતીની પ્રાથમિક પરીક્ષા આગામી તા. ૧૪.૦૯.૨૦૨૫ (રવિવાર)ના રોજ ૧૪.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન અરવલ્લી જિલ્લાના વિવિધ કેન્દ્રો પર લેવાનાર છે. પરીક્ષા સમય દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી મોડાસા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અરવલ્લી જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઇલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું નહીં સુત્રો પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહીં તથા પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે તા. ૧૪.૦૯.૨૦૨૫ના રોજ સવારે ૧૨.૦૦ કલાકથી બપોરે ૧૮.૦૦ કલાક દરમિયાન ખોદકામ કરવું નહી. પરીક્ષાર્થીઓને ખલેલ પહોચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડી શકાશે નહી. તથા આ સમય દરમિયાન સક્ષમ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પરવાનગીઓ આપોઆપ રદ ગણાશે.

આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી મોડાસા તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા જિ.અરવલ્લી.

(૩) ફલાઇંગ સ્ક્વૉડના તમામ અધિકારીશ્રીઓ.

સદરહુ આદેશનો ભંગ કરનાર વ્યકિત પાસેથી મોબાઇલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ રોજ તા.૧૨/૯/૨૦૨૫ મારી સહિ તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી - મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:37:41 IST